ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**સવિતાબેન એસ પરમાર**
મો. ૯૨૭૪૪ ૩૦૪૨૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## શાળાનું ગૌરવ વધારતી બંસરી રાઠોડ



ગાંધીનગર, તા. ૬

શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી કુ. બંસરી ભદ્રેશભાઈ રાઠોડ જે જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ છે, તે શાળાનાં આચાર્ય અને સુપરવાઈઝર તથા શિક્ષકોના માર્ગદર્શન, પોતાની મહેનત અને તેના વાલીની સજાગતાથી વર્ષ ૨૦૧૬માં લેવાયેલી ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષામાં સામાન્ય પ્રવાહમાં ૯૬.૦૭ પર્સેન્ટાઈલ સાથે પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ છે. શાળાનું ગૌરવ વધારવા બદલ સમગ્ર શાળા પરિવાર સહિત તેના વર્ગશિક્ષક શર્મિષ્ઠાબેન પટેલે બંસરીને અભિનંદન પાઠવ્યા છે.

# ભારતીય તટરક્ષકે ઉજવ્યો પર્યાવરણ દિવસ





વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે લોકોને ગ્લોબલ વોર્મિંગ વિશે જાગૃત કરવા તથા તેમને સકારાત્મક દૃષ્ટિકોણ અપનાવવા માટે પ્રેરિત કરવા ભારતીય તટરક્ષક મુખ્યાલય (ઉ.પ.) અને ભારતીય તટરક્ષક અવસ્થાન, ગાંધીનગર દ્વારા એક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં દુનિયાને રહેવા માટેની એક સુંદર જગ્યા બનાવવા વિષયે એક સમારોહનું આયોજન સરિતા ઉદ્યાન ખાતે કરવામાં આવ્યું હતું. આ સમારોહનું ઉદ્ઘાટન ભારતીય તટરક્ષક ક્ષેત્ર પ્રમુખ આઈ જી વી એસ પઠાનિયા તથા નીલા પઠાનિયા દ્વારા વૃક્ષારોપણના માધ્યમથી કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ભારતીય તટરક્ષકના કુલ ૧૨૫ કર્મચારીઓએ ભાગ લઈ ૫૦ જેટલાં વૃક્ષો (૫૦ લીમડા અને ૫૦ ગુલમહોર)નું આરોપણ કર્યું હતું.

સમારોહના અંતમાં તટરક્ષક કર્મચારી સદન ચક્રવર્તીએ વૃક્ષોના લાભ અંગે રસપ્રદ ભાષણ પણ આપ્યું હતું.

# શ્રી અખિલ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મસમાજનું મહાસંમેલન યોજાયું





## ૧૨૫ ઔદીચ્ય બ્રાહ્મણ મહાનુભાવોનું તેમણે કરેલાં સમાજ ઉપયોગી કાર્યોનો સિદ્ધિરૂપે સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મસમાજ દ્વારા શાહીબાગ, અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્મારક ભવનમાં શતાબ્દી મહાસંમેલન યોજવામાં આવ્યું હતું, જેમાં ૧૨૫ ઔદીચ્ય બ્રાહ્મણ મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સમાજના વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અખિલ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મસમાજ દ્વારા પદ્મ વિભૂષિત ડાહ્યાભાઈ શાસ્ત્રી, છનાલાલ જોષી, ચૈતન્ય શંભુ મહારાજ, ભાગવત ઋષી, રાજેન્દ્ર વ્યાસ, મનિષભાઈ ત્રિવેદી, જાગૃતિબેન ત્રિવેદી, દિવ્યાબેન રાવલ સહિત ૧૨૫ ઔદીચ્ય બ્રાહ્મણ મહાનુભાવોનું તેમણે કરેલાં સમાજ ઉપયોગી કાર્યોનો સિદ્ધિરૂપે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પદ્મ વિભૂષિત ડાહ્યાભાઈ શાસ્ત્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે બ્રાહ્મણોનું સ્થાન સદાય મારા હૃદયમાં રહ્યું છે. કારણ કે આપણા દેશમાં ઘણા વિદેશીઓ આવી વસ્યા અને જેના લીધે ઘણી વિકૃતિઓનો પ્રારંભ થયો. છતાં આજે આપણો દેશ વિશ્વમાં અગ્રસ્થાન ધરાવે છે, જેનું મૂળ આપણી સંસ્કૃતિ છે. અને આ સંસ્કૃતિ ટકાવવાનું કાર્ય બ્રાહ્મણોએ કર્યું છે. આપણે કાલે શું હતા, આજે શું છીએ એ ભૂલી જઈ આવતીકાલે શું કરવાનું છે તેનું આયોજન કરવું જરૂરી છે. દેશના વિવિધ સમાજોને સાથે લઈ દેશને પ્રગતિના પંથે લઈ જવાની જવાબદારી બ્રહ્મસમાજની છે, તેના માટે ભગવાન મારા સમાજને શક્તિ અને દૃષ્ટિ આપે.

આ સવા શતાબ્દી મહોત્સવની ઉજવણી એપ્રિલ, ૨૦૧૭ સુધી ચાલશે. આ અંગે માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ શૈલેષભાઈ શુક્લએ જણાવ્યું હતું કે શ્રી અખિલ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મ સમાજની સ્થાપના સન ૧૮૯૨માં કરવામાં આવી હતી.

આ મહાસંમેલનમાં સમાજમાં પ્રવર્તતી બેરોજગારી તથા સ્વાવલંબન માટેનાં કાર્યક્ષેત્રો, સમાજની આરોગ્ય તથા સુખાકારી માટે મૅડિકલ સૅલની સ્થાપના, બાળ કલ્યાણ તેમજ મહિલા ઉત્કર્ષ માટે સમાજ દ્વારા કરવામાં આવેલું સંગઠન, શૈક્ષણિક તેમજ ધાર્મિક પુસ્તક પ્રકાશન, ધાર્મિક કાર્યક્રમોનું આયોજન તેમજ રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જાહેર થયેલા આર્થિક અનામત અંગેની વિસ્તૃત જાણકારી સમાજને મળી રહે તે અંગેના વિવિધ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

શ્રી અખિલ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મ સમાજ દ્વારા આ સવા શતાબ્દી મહોત્સવમાં બ્રહ્મ કર્મ સમન્વય સંસ્થા દ્વારા બ્રાહ્મણ પરિવારના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે દ્વિતિય જીવનસાથી સંમેલન પણ યોજાયું હતું, જેમાં ૩૦૦થી વધુ લગ્નોત્સુક યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
હાઉસફૂલ ૩
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
નિન્જા ટર્ટલ્સ (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૪૫
નિન્જા ટર્ટલ્સ (૩ડી હિન્દી)
૩.૧૫, ૧૦.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરબજીત
૬.૪૫
વિરપ્પન
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાઉસફૂલ ૩
૧૦.૦૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

# ‘ભવાઈ’ : ગુજરાતી નાટકોનું ઉજળું ભવિષ્ય




‘ભવાઈ’નો હેતુ ગુજરાતી નાટકોને મુંબઈનું પ્રતિષ્ઠિત સ્ટેજ આપવાનો છે, નવો ટ્રેન્ડ શીખવવાનો છે. અહીં મુંબઈમાં નાટક છે, વેચાય પણ છે પરંતુ તેમાં સાહિત્ય નથી, અહીંની નવી પેઢી સાહિત્યથી દૂર થઈ રહી છે. પરંતુ ગુજરાતમાં એવું નથી, ગુજરાતના નાટ્યકારો સાહિત્ય સાથે જોડાયેલા છે, પણ એ નાટકો બહુ વેચાતાં નથી. ગુજરાતનાં નાટકો અને મુંબઈનું માર્કેટીંગ બે ભેગાં થાય એમ કરવું છે. આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ પણ આજે ગુજરાતની રંગભૂમિ કરતાં મહારાષ્ટ્રની રંગભૂમિને ઊંચી માનવામાં આવે છે. પરંતુ, કરૂણતા એ છે કે અખિલ ભારતીય ગુજરાતી નાટ્ય સ્પર્ધા યોજીએ તોય સ્પર્ધકો નથી મળતા ને જે સ્પર્ધકો મળે છે એમના માટે દર્શકો નથી મળતા...

આ શબ્દો છે મુંબઈની યુવાન અને નાટ્યપ્રેમી અભિનેત્રી ભક્તિ રાઠોડના. એને ગુજરાતી નાટક માટે એટલો પ્રેમ કે આટલું બોલતાં તો એનો અવાજ પણ ભીનો થઈ ગયો ને નાટક માટેના પ્રેમની ભીનાશ એની આંખોમાં તરી આવી. મુંબઈમાં બેઠેલા ગુજરાતના કલાકારોનેય આ ભીનાશ સ્પર્શી ગઈ.

આ વાત છે ગત વર્ષની, જ્યારે યુથ કલ્ચરલ ઍસોસિએશન દ્વારા ‘ભવાઈ’ નામે પ્રથમવાર અખિલ ભારતીય એકાંકી નાટ્યસ્પર્ધાનું આયોજન થયું હતું.

ગુજરાતી નાટક માટેની આ ચિંતાથી પ્રેરિત થઈને જ ભક્તિ અને એના જેવા નાટ્યપ્રેમીઓ એકત્ર થયા ને એમણે મુહિમ ઉપાડી ગુજરાતી નાટકોને જીવંત કરવાની, એમને સન્માન આપવાની અને એમાંથી જન્મ થયો ‘ભવાઈ’ નામની એક સુંદર સ્પર્ધાનો.

સુંદર સ્પર્ધા માત્ર એટલા માટે જ નહીં કે તેનું આયોજન સારી રીતે થાય છે ને માત્ર એટલા માટે પણ નહીં કે તેમાં ભજવાતાં નાટકોની ગુણવત્તા ઘણી સારી હોય છે. પરંતુ આ સ્પર્ધા એટલા માટે પણ સુંદર કે સ્પર્ધા છે ગુજરાતી નાટકોની ને એનું આયોજન કરનારા મોટાભાગના આયોજકો મહારાષ્ટ્રીયન છે!

મુંબઈ-મહારાષ્ટ્રમાં રહીને પણ મહારાષ્ટ્રીયન નાગરિકો જ્યારે ગુજરાતી નાટકોના સંવર્ધનની આવી મજબૂત મુહિમ ઉપાડે ત્યારે ખરેખર એમને સલામ કરવાનું મન થઈ આવે, આ લખનાર ને ‘ભવાઈ’નો સ્પર્શ કરી ચૂકેલા ગાંધીનગરના કલાકારો આ સલામ કરે છે પણ ખરા.

‘ભવાઈ’ના આ આખાય આયોજનને સૌથી મોટું પીઠબળ મહારાષ્ટ્રના સાંસ્કૃતિક મંત્રી, સિનિયર રાજકારણી અને ગુજરાતીઓમાં પણ લોકપ્રિય એવા વિનોદ તાવડેજીનું. સરકાર આ સ્પર્ધા માટે સહાય આપે કે ન આપે, ચિંતા નહીં, તાવડેજી પોતાના અંગત ખર્ચમાંથી સ્પર્ધા યોજવા માટે રકમ કાઢી આપે એવો અમનો કલા ને નાટ્ય પ્રત્યેનો પ્રેમ.

અને હા, સમગ્ર આયોજન માટે પોતાની અંગત ઓફિસ એ ‘ભવાઈ’ આયોજકોને ઉપયોગ કરવા માટે આપી દે એવા સરળ પણ ખરા.




મહારાષ્ટ્ર રાજ્યના સાંસ્કૃતિક મંત્રી વિનોદ તાવડે






અભિનેત્રી ભક્તિ રાઠોડ

હદ તો ત્યારે થાય કે અમારા જેવા કોઈ સ્પર્ધક સ્પર્ધાના સમય પહેલાં મુંબઈ પહોંચી જાય તો એમણે ચિંતા નહીં કરવાની, તાવડેજીની અંગત ઓફિસ આવા અજાણ્યા કલાકારો માટેય ખુલ્લી જ હોય, ત્યાં જ એમની પરોણાગત થઈ જાય એવી સગવડ પણ ખરી!

જેમની પાસે રાજ્યનાં અગત્યનાં આઠ ખાતાં હોય એવા મોટા ગજાના મંત્રી કલા સંવર્ધન માટે ને કલાકારો માટે આ હદે સહકારભર્યું વલણ અપનાવે એ કલાકારો માટે ખરેખર સ્પર્શી જાય એવી બાબત!

આવું જ બીજું નામ યુથ કલ્ચરલ ઍસોસિએશનના પ્રમુખ શારદ સાટમજીનું. એમની મજબૂત દોરવણી નીચે યુવાઓની આખીય ટીમ ઉત્સાહથી આખીય સ્પર્ધાનું આયોજન ને સંચાલન કરે. શરદજી ક્યાંય સામે ન આવે, પણ કાર્યકરોને સતત માર્ગદર્શન ને પ્રેરણા એમનાથી મળ્યા કરે.

સ્પર્ધકો, દર્શકોની સામે આવે મુખ્ય બે જ નામ : ભક્તિ રાઠોડ અને અદ્વૈત ચૌહાણ. આખીય સ્પર્ધાનો ભાર આ બેય ઊઠાવીને ચાલે ને એમના સપોર્ટમાં વ્યવસ્થાપનની અનુભવી ટીમ - આમ્રપાલી રાઠોડ, વિઠ્ઠલ માને, સર્વેશ સાવંત, ધવલ ને એવા ઘણા યુવાઓનાં નામો, જે પૈકીનાં મહત્તમ મહારાષ્ટ્રીયન. માત્ર ગણતરીના જ ગુજરાતી, તેમ છતાં સૌ એકજૂથ થઈને કાર્ય કરે ગુજરાતી નાટકોના સંવર્ધન માટેનું!

કલાકારો માટેની વ્યવસ્થા માટે કંઈ કહેવાપણું જ નહીં. રાત્રે બે વાગ્યે પણ ફોન કરીને કોઈ સ્પર્ધક એમ કહે કે મારા બાથરૂમમાં પાણી નથી આવતું કે મારા રૂમનો પંખો, એસી ચાલુ નથી તો રાત્રે બે વાગ્યે પણ નિવાસ વ્યવસ્થાપક એ ચાલુ કરાવી દે. બધી જ વ્યવસ્થા સારી રીતે ચાલી રહી હોય તોય ભક્તિને સંતોષ નહીં, રાત્રે ઘેર જતા પહેલાં જાતે નિવાસ પર આંટો મારી જાય ને દરેક ટીમને જાતે પૂછીને ખાતરી કરે કે કોઈપણ ટીમને કોઈ તકલીફ તો નથી ને! રાતના અગ્યાર વાગ્યા હોય કે બાર, ચિંતા નહીં; ભક્તિનો આંટો કલાકારો માટે હોય જ એ વાત નિશ્ચિત હોય! કેટલું યાદગાર સ્નેહાળપણું! કેવી અદ્ભૂત પરોણાગત!

નાટક માટેની પ્રવેશ ફી કહેવા પૂરતી જ, એની સામે સવારનો નાસ્તો, ચ્હા, બે ટંકનું જમવાનું, અદ્ભૂત નાટકોનું દર્શન અને મુંબઈ જેવા શહેરમાં મસમોટી રહેવાની સુવિધા આ ગૃપ આપે છે એના પરથી જ સાબિત થઈ જાય કે આ લોકો કમાવા નથી બેઠા, એમને ખરેખર નાટક માટે કંઈક કરી બતાવવું છે.

અલબત્ત, એમની મહેનત રંગ લાવી રહી છે. ગત વર્ષ કરતાં આ વખતે નાટકોની સંખ્યા પણ વધી અને વિષયો તથા ગુણવત્તા પણ વધી. યુથ કલ્ચરલ ઍસોસિએશન જો આ જ રીતે આગળ વધતું રહ્યું તો એ દિવસ દૂર નથી કે ‘ભવાઈ’માં ભાગ લેવો એ ગુજરાતી નાટ્યકારો માટે પ્રતિષ્ઠાનો વિષય ગણાશે ને સ્પર્ધામાં એન્ટ્રી માટેય નાટ્યજૂથોને પ્રાથમિક રાઉન્ડમાંથી પસાર થવું પડશે.

સ્પર્ધાનું સૌથી મોટું જમા પાસું તો એ કે ‘ગુજરાતનાં નાટકોને મુંબઈનું માર્કેટીંગ’ આપવાની માત્ર વાત જ આયોજકો નથી કરતા, પરંતુ એમ કરીને બતાવે છે. પહેલા રાઉન્ડમાં ભજવણી પછી જે પાંચ-છ નાટકો ફાઈનલ સ્પર્ધા માટે પસંદ થાય તેનો શો બોરીવલીના ‘પ્રબોધન ઠાકરે નાટ્યગૃહ’ ખાતે યોજાય અને તેની ટિકિટ્સ પણ વેચવામાં આવે. આમ, મુંબઈમાં ટિકિટ શો કરવાનો આનંદ પણ સ્પર્ધકો લઈ શકે.

અને હા, ફાઈનલ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો મળે તો એ પણ અનંગ દેસાઈ, અપરા મહેતા, આતિશ કાપડિયા કે સિદ્ધાર્થ રાંદેરિયા જેવા સિદ્ધહસ્ત વ્યક્તિવિશેષના હસ્તે, જેનાથી કલાકારોનો ઉત્સાહ પણ અગણિત માત્રામાં વધે!

વળી, માત્ર નાટક કરાવીને જ આનંદ નહીં લેવાનો, નાટ્ય માટે આવેલા કલાકારોના વિકાસ માટે નાટ્ય અંગેના ફ્રી વર્કશૉપનું આયોજન પણ કરવાનું ને એમાં નાટ્યના નિવડેલા નિષ્ણાતોને બોલાવવાના એ તો છોગામાં! ગત વર્ષે આવા વર્કશૉપમાં વિહંગ મહેતા, પ્રિતેશ સોઢા, મનોજ શાહ, વિપુલ મહેતા, કમલેશ ઓઝા જેવા ધૂરંધરો કલાકારોને માણવા મળ્યા તો આ વર્ષે પ્રિતેશ સોઢાએ ‘ફોરમ થિયેટર’નો વર્કશૉપ હાથમાં લઈ સઘળા કલાકારોને જલસો કરાવી દીધો!

મહારાષ્ટ્રમાં રહીને ગુજરાતી નાટકો માટે આટલી ચિંતા ને પ્રયાસો કરતા આવા નાટ્યપ્રેમીઓને પીઠ થાબડવા બે કામ કરી શકીએ : પ્રથમ તો એ કે સ્પર્ધા માટે વધુમાં વધુ નાટકો મોકલી એમના પ્રયાસને સફળ બનાવીએ અને બીજું સહઆયોજક તરીકે કે કમ-સે-કમ પ્રેક્ષક તરીકે પણ એમની સાથે જોડાઈને એટલોય આર્થિક સહયોગ આપી શકીએ તો આવા કર્મવીરોના પ્રયાસોને પૂરતું બળ મળશે. ગુજરાતી નાટકો માટે પ્રેમ હોય તો આ કરવા જેવું છે.

## સંવેદનશીલ નાગરિકો માટે જેડ બ્લુ દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે એક વિશેષ પહેલ




ગાંધીનગર, તા. ૬

આપણા જીવનમાં ‘સૅલ’ એક અભિન્ન અંગ બની ગયું છે. દરેક વ્યક્તિ એની આતુરતાથી રાહ જોઈ રહી હોય છે અને તેનો ભરપૂર આનંદ અને લાભ ઊઠાવે છે. આપણી સૃષ્ટિ પણ એ જ પ્રકારે ભારતના નાગરિકોને સુંદર ભેટ ધરતી હોય છે.

આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જેડ બ્લુ દ્વારા દર વર્ષની જેમ પોતાની નવી અને અદ્વિતિય જાહેરખબર ‘સ્પેશિયલ ઑફિર - સેવ ટ્રી, સેવ યૉરસૅલ્ફ’ દ્વારા સૌનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે. કંપનીએ એવું સરસ નયનરમ્ય કૂતુહલ પેદા કર્યું છે જે દ્વારા સામાન્ય માણસને પર્યાવરણ બચાવોનો સંદેશો આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આજે પૃથ્વી પર લીલોતરી નાશ પામી રહી છે અને તેનું સ્થાન ઔદ્યોગિકરણ તથા વસતીવધારાએ લઈ લીધું છે ત્યારે કંપનીએ જાહેર જનતાને સંદેશો આપ્યો છે કે વૃક્ષો અને માનવી બંને એકબીજાના પૂરક છે, પર્યાય છે. જો એકને નુકસાન થશે તો તેની ખરાબ અસર બીજાને થવાની જ છે. માટે જ કંપનીએ તેનાં વિશેષ બૅનર્સ બનાવીને સામાન્ય નાગરિકોને આ વિશિષ્ટ સંદેશો પહોંચાડવા પ્રયાસ કર્યો છે.

જેડ બ્લુ લક્ઝરી લાઈફ સ્ટાઈલ રીટેઈલ ચેઈન સ્ટોર છે જે પુરુષોની જીવનશૈલીનાં પોષાકોને ઊંડાણ અને વિસ્તૃત રીતે જાણે છે, તેણે પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે સતત ૧૦મા વર્ષે પોતાનાં ૧૮ સ્ટોર તથા પ્રખ્યાત બગીચાઓ અને શહેરની જાણીતી ક્લબોમાં પણ મફતમાં રોપા આપી પર્યાવરણ દિવસની ઉજવણી કરી છે. આ વર્ષે કંપનીએ ૧૧૫૦૦ જેટલા રોપાઓનું વિતરણ કર્યું છે.

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**‘મારા પ્રેમાળ પાડોશી’**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે